GJGN020080772018

દાખલ તારીખ : ૦૬/૦૮/૨૦૧૮
નોંધ્યા તારીખ : ૦૬/૦૮/૨૦૧૮
નિર્ણય તારીખ : ૨૩/૦૪/૨૦૨૬
સમયગાળો : વર્ષ: માસ: દિવસ

ગાંધીનગર જિલ્લાના મહે. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,
જી. ગાંધીનગર મુકામ : ગાંધીનગર.

ફોજ. કેસ નં.૫૧૩૭/૨૦૧૮
આંક–

ફરીયાદી:– **શતુજી જીવણજી રાઠોડ,**
ઉ.વ.પુખ્ત, ધંધો–નિવૃત,
રહે. પ્લોટ નં.૮, શ્રીનાથ સોસાયટી,
પેથાપુર, તા.જી.ગાંધીનગર

વિરૂધ્ધ

આરોપીઓ:– **૧. લાલસિંહ સજ્જનસિંહ વાઘેલા**
૨. નાગેન્દ્રસિંહ સજ્જનસિંહ વાઘેલા (અબેટેડ)
ઉ.વ.પુખ્ત, ધંધો–વેપાર, બન્ને રહે.પેથાપુર,
તા.જી.ગાંધીનગર

ગુનો:– ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકની કલમ–૧૩૮ મુજબ

****

ફરીયાદપક્ષે વિ.વ.શ્રી બી.એ.રાવલ
આરોપી તરફે વિ.વ.શ્રી બી.જે.ગોહિલ

****

–: ચુકાદો :–

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી નં.૧ નાઓ નાગરાજ પાન પાર્લર નામનો ધંધો પેથાપુર ચોકડી ઉપર કરતા હોય આરોપીના પાર્લર ઉપર ફરિયાદી બેસવા આવતા હોય, આ કામના આરોપી નં.૧ નાએ ફરિયાદી સાથે મિત્રતાના સંબંધ કેળવાયેલા. આ કામના આરોપીનાઓએ ફરિયાદી સાથે મિત્રતાના સંબંધોના કારણે ઘણી વખત પૈસાની લેવડ દેવડ થતી આવેલ છે. જેના કારણે ફરિયાદીનો આ કામના

આરોપીનાઓએ વિશ્વાસ અને સંબંધ સંપાદન કરેલ. આ કામના આરોપી નં.૧ નાએ આજથી ત્રણ વર્ષ પહેલા ફરિયાદી પાસે રૂા.૨૫,૦૦,૦૦૦/– પુરાની આ કામના આરોપીને ધંધાકીય કારણસર પૈસાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે તેવી વાત કરેલી અને જે રૂા.૨૫,૦૦,૦૦૦/– પુરાની માંગણી કરેલી. જેથી ફરિયાદીએ તેઓની પાસે પડેલ રકમ રૂા.૧૫,૦૦,૦૦૦/– તથા ફરિયાદીના મિત્ર રવિ સાકરીયા, રહે. સેકટર–૪, ગાંધીનગરનાઓની પાસેથી રૂા.૧૦,૦૦,૦૦૦/–, આમ કુલ રૂા.૨૫,૦૦,૦૦૦/– પુરા આરોપી નં.૧ નાઓ ઉપર વિશ્વાસ અને ભરોસો રાખી પુરા હાથ ઉછીની રકમ બે વર્ષ માટે આપેલ. જે બે વર્ષનો સમય પૂરો થતા ફરિયાદીએ આ કામના આરોપી પાસે ઉપરોકત રકમની માંગણી કરતા આ કામના આરોપી પાસે ઉપરોકત રકમની માંગણી કરતા આ કામના આરોપી નં.૧ નાઓએ ફરિયાદી પાસે બીજા દસ માસનો સમય માંગેલ, ફરિયાદીએ મિત્રતાના નાતે આ કામના આરોપી નં.૧ નાને વધુ દસ માસનો સમય લેણી રકમ ચૂકવવા માટે આપેલ. સદરહું સમય વિતિ જતાં ફરિયાદીએ આ કામના આરોપી નં.૧ ના પાસે માંગેલ આ કામના આરોપી નં.૧ નાઓએ તેમના તથા તેમના ભાઈ એટલે કે આરોપી નં.૨ ના સંયુકત ખાતાનો બેન્ક ઓફ ઈન્ડિયા પેથાપુર શાખાનો રૂા.૨૫,૦૦,૦૦૦/– પુરાનો ચેક નં.૦૦૦૦૧૧ તા.૧૧/૦૪/૨૦૧૮ ના રોજનો ચેક આપેલો અને જણાવેલ કે, '' સદરહુ ચેક તમો તમારા ખાતામાં ચેકમાં જણાવેલ તારીખે જમા કરાવી દેશો તો તમોને તમારી લેણી રકમ ચોકકસથી પરત મળી જશે.'' જેથી ફરિયાદીએ આ કામના આરોપી નં.૧ ના ઉપર પાકો વિશ્વાસ અને ભરોસો રાખી આ કામના આરોપી નં.૧ નાએ આપેલ ચેક સ્વીકારી, ફરિયાદીએ કલીયરીંગ સારુ પોતાની બેન્ક ભારતીય સ્ટેટ બેન્ક સેકટર–૧૦–બી, ગાંધીનરગ શાખામાં તા.૧૨.૦૪.૨૦૧૮ ના રોજ જમા કરાવેલ તે ચેક તા.૧૩.૦૪.૨૦૧૮ ના રોજ '' **ડ્રોવર સિગ્નેચર ડીફર**'' ના શેરા સાથે પરત ફરેલ. જેથી ફરિયાદીએ તેમના વકીલ મારફતે આરોપીને તા. ૨૦/૦૪/૨૦૧૮ ના રોજ લેણી રકમ વસૂલ લેવા આરોપીને લીગલ નોટીસ તેમના સરનામે મોકલેલ જે નોટીસો આરોપીને રોજ બજી ગયેલ તેમ છતાં આરોપીએ લખી આપેલ ચેકોના નાણાં ચૂકવ્યા નથી કે નોટિસનો જવાબ આપેલ નથી જેથી વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે.

(૨) ફરિયાદીની ફરિયાદ રજીસ્ટરે લઈ આ કામના આરોપીઓને સમન્સ ઈસ્યુ કરતા

સમન્સની બજવણી થતાં આરોપીઓ તેના વિ.વ.શ્રી મારફતે હાજર થતા આરોપીઓને ફરિયાદની તેમજ ફરિયાદીએ જે દસ્તાવેજી પુરાવા પર આધાર રાખેલ છે તે દસ્તાવેજી પુરાવાની નકલ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ– ૨૦૭ મુજબ વિના મુલ્યે આપ્યાની ખાતરી કરી આંક–૧૧ તથા ૧૨ થી આરોપીઓની પ્લી નોંધતા આરોપીઓએ આક્ષેપિત ગુનાની કબૂલાત ન કરતા આ કામ ફરિયાદપક્ષનો પુરાવો નોંધવા ઉપર રાખવામાં આવેલ.

આ કેસની ચાલુ કાર્યવાહી દરમ્યાન આ કામના આરોપી નં.૨ નાગેન્દ્રસિંહ સજ્જનસિંહ વાઘેલાનાઓ મરણ જતા તેઓ વિરૂદ્ધ હાલની કાર્યવાહી એબેટ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે પોતાના કેસ પુરવાર કરવા નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

મૌખિક પુરાવા લીસ્ટ

અનુ.નં.	મૌખિક પુરાવાની વિગત	આંક
૧.	ફરિયાદી શતુજી જીવણજી રાઠોડની જુબાની	૦૪
૨.	સાહેદ દિવ્યા નવનીતભાઇ પરમારની જુબાની	૩૨, ૪૦

દસ્તાવેજી પુરાવા લીસ્ટ

અનુ.નં.	દસ્તાવેજની વિગત	આંક
૧.	આરોપીએ ફરિયાદીને ચૂકવવાની થતી રકમ પેટેનો ચેક નં.૦૦૦૦૧૧ અસલ તા.૧૧.૦૪.૨૦૧૮ ના રોજનો અસલ	૧૪
૨.	ફરિયાદીએ આરોપીએ આપેલ સદર ચેક પોતાની બેન્ક, બેન્ક ઓફ બરોડામાં ભરતા જે સદર ચેક ડ્રોવર સિગ્નેચર ડીફરના શેરા સાથે રીટર્ન થયેલ જે તા.૧૩.૦૪.૨૦૧૮ ના રોજનો રીટર્ન મેમો અરસલ	૧૫

૩.	ફરિયાદીને સદર ચેક પરત આવતા જેની જાણ કરતી લીગલ નોટિસ ફરિયાદીએ તેમના એડવોકેટ મારફત આરોપીને આર.પી.એ.ડી.થી તા.૨૦.૦૪.૨૦૧૮ ના રોજ આપેલી	૧૬
૪.	ફરિયાદીને સદર ચેક પરત આવતા જેની જાણ કરતી લીગલ નોટિસ ફરિયાદીએ તેમના એડવોકેટ મારફત આરોપીને આર.પી.એ.ડી.થી તા.૨૦.૦૪.૨૦૧૮ ની સ્લીપ અસલ	૧૭
૫.	તા.૨૧.૦૪.૨૦૧૮ ના રોજની એકલોજમેન્ટની સ્લીપ	૧૮
૬.	નોટિસ રજી.પોસ્ટ એડી. ની નોટિસનો આરોપી નં.૧નો વળતો જવાબ	૧૯
૭.	સ્ટેટબેન્ક ઓફ ઈન્ડિયા ગાંધીનગર શાખાનું સને ૨૦૦૭ થી સને ૨૦૧૭ સુધીનું બેન્ક સ્ટેટમેન્ટની કોપી	૨૮
૮.	ખાતા નં.૦૧૬૯૦૧૦૦૦૦૫૩૧૫ નું સ્ટેટમેન્ટ ની નકલ	૩૩
૯.	લાલસિંહ સજજનસિંહ વાઘેલા કે જેની સહીનો કોમ્પ્યુટરાઈઝડ ફોટો	૩૪
૧૦.	આરોપીનું ખાતું ખોલાવતી વખતે ભરેલ ફોર્મ તથા તે લગત રજૂ કરેલ કાગળો	૪૧
૧૧.	આરોપીઓના અસલ સહીના નમૂનાના કાર્ડની અસલ ઉપરથી કરેલ ખરી નકલ	૪૨

(૪) આરોપીપક્ષે પોતાના કેસ પુરવાર કરવાના સર્મનમાં નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

મૌખિક પુરાવા લીસ્ટ

અનુ.નં.	**માખિક પુરાવાની વિગત**	**આંક**

૧.	આરોપી નં. ૧ લાલસિંહ સજ્જનસિંહ વાઘેલાની જુબાની	૪૭

(૫) ફરિયાદપક્ષ દવારા આંક–૪૩ વાળી કલોઝિંગ પુરસીસ થી પુરાવો પૂર્ણ થતા આ કામના આરોપીનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ ફરિયાદપક્ષનો પુરાવો તેમના રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાનો હકારમાં તથા અન્ય સવાલોનો જવાબ નકારમાં આપી ચેકો બાબતના પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે, ખોટી વાત છે. ત્યારબાદના તમામ સવાલોના જવાબો નકારમાં આપી, તમારે સોગંદ ઉપર જુબાની આપવી છે કે તમારે બચાવના સાક્ષી તપાસવા છે કે બચાવનો કોઈ પુરાવો રજૂ કરવાનો છે? જેવા સવાલોના જવાબો **"હકાર"**માં આપી દિલીપભાઈ શતુજી રાઠોડને સાહેદ તરીકે તપાસવાનું જણાવેલ છે. વિશેષમાં જણાવેલ કે,''અમો આરોપીઓએ આવો કોઈ ચેક ફરિયાદીને આપેલ નથી કે આવા કોઈ નાણાં ફરિયાદી પાસેથી લીધા ન હોય ફરિયાદીએ ખોટી રીતે ચેક મેળવી ખોટો કેસ કરેલ છે.''

(૬) દલીલના તબકકે ફરીયાદી તરફે વિ.વ.શ્રી દ્વારા આંક–૫૧ થી લેખિત દલીલ રજૂ કરેલ છે. જયારે આરોપી તરફે વિ.વ.શ્રી દ્વારા આંક–૫૬ થી લેખિત દલીલ રજૂ કરેલ છે.

(૭) સદર કામે ન્યાયનિર્ણય અર્થે નીચે મુજબના મુદ્ધા ઉપસ્થિત થયેલ છે.

૧. શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, તકરારી ચેક આરોપીએ કાયદેસરના દેવા પેટે આપેલ ચેક બેંકમાં રજુ કરતા "પેમેન્ટ સ્ટોપ બાય ડ્રોઅર"ના શેરા સાથે પરત થતા ફરીયાદીએ આરોપીને વટાઉ ખત અધિનિયમની જોગવાઈ મુજબ માંગણાની નોટીસ આપેલ જે નોટીસ આરોપીને બજી ગયેલ તેમ છતાં આરોપીએ ચેકની રકમ ફરીયાદીને નહીં ચુકવી આપી, વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે?

૨. શું બચાવપક્ષ વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ની કલમ–૧૩૯ મુજબના ખંડનાત્મક પુરાવો રજુ કરી પોતાનો બચાવ સ્થાપિત કરી શકેલ છે?

૩. શું હુકમ?

(૮) ઉપરોકતમુદ્દાઓ સબંધી મારા નિર્ણયો નીચે મુબ છે.

૧. નકારમાં,

૨. હકારમાં,

૩. આખરી હુકમ મુજબ.

<u>મુદ્દા નં.૧ અને ૨ ની સંયુકત ચર્ચા–</u>

(૮) પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા અત્રે એ હકીકતનો ઉલ્લેખ કરવો જરૂરી છે કે વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ની કલમ–૧૩૮ અન્વયેની દંડાત્મક જોગવાઇ દેશમાં બેન્ક દ્વારા થતા નાણાકીય વ્યવહારોની વિશ્વસનીયતાને મજબુતી આપવા માટે કરવામાં આવેલ છે. સામાન્ય રીતે મજકૂર અધિનિયમ હેઠળના ઉપરોક્ત ગુનામાં ગુનાનો આધાર મુખ્યત્વે દસ્તાવેજી પુરાવા ઉપર અવલંબે છે. નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર વડી અદાલતે તેમના વિવિધ ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ છે કે જ્યારે ચેકમાંની સહી આરોપીની હોવાનું પુરવાર થાય ત્યારે વટાઉ ખત અધિનિયમની કલમ–૧૩૯ અન્વયેનું અનુમાન કરવાનું રહે છે. સદરહું કાયદાની કલમ–૧૩૯ હેઠળની જોગવાઇ મુજબ જ્યાં સુધી વિરૂદ્ધની હકીકતો સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી ચેકના ધારણકર્તાને આવો ચેક કોઇ દેવાં અથવા અન્ય જવાબદારીની અદાયગી પેટે આપવામાં આવેલ છે તેવુ અનુમાન કરવાનું ઠરાવેલ છે. અલબત્ત, આથી વિરૂદ્ધનો ખંડનાત્મક પુરાવો આરોપી રજુ કરી શકે છે. સદરહું અનુમાનનું ખંડન કરવાની બચાવપક્ષની જવાબદારી, ફરીયાદપક્ષની જવાબદારીની જેમ વાજબી શંકાથી પર પુરવાર કરવાની રહેતી નથી, પરંતુ શક્યતાની પ્રબળતાના આધારે કરવાની રહે છે અને સદરહું શક્યતાની પ્રબળતા એક ડહાપણભરી સામાન્ય બુદ્ધિથી, તેવી શક્યતા માની શકાય તેમ છે કે માની શકાય તેમ નથી, તેના આધારે મુલ્યાંકન કરવાનું રહે છે. પરંતુ આવો પુરાવો વટાઉ ખત અધિનિયમની કલમ–૧૩૯ હેઠળના કાનુની અનુમાનને વાજબી અને પ્રતિતિજન્ય રીતે ખંડિત કરી શકેલ છે કે કેમ તેવી બાબતો પ્રત્યેક કેસમાં રજુ થયેલ પુરાવાની વિગતો ઉપર અવલંબે છે. અધિનિયમની કલમ–૧૩૯ હેઠળનું અનુમાન તે હકીકતોનું નહીં, પરંતુ કાયદાનું અનુમાન છે અને આથી જ કાયદાના આવા અનુમાનનું ખંડન સંતોષકારક એવી હકીકતોથી પ્રતિપક્ષ કરી શકે નહીં તો કલમ–૧૩૯ હેઠળનું કાનુની

અનુમાન ફરીયાદપક્ષની તરફેણમાં આખરી અને નિર્ણાયક બની રહે છે. પરંતુ જો આરોપી આ અનુમાનનું ખંડન કરી શકે છે તો, તેવા સંજોગોમાં ફરીયાદી ઉપર આરોપી વિરૂદ્ધ તેવી લેણી રકમ નીકળતી હતી તે હકીકત વાજબી શંકાથી પર હોય તે મુજબ પુરવાર કરવાની જવાબદારી આવી પડે છે અને તે પુરવાર કરવામાં ફરીયાદી સફળ થાય છે કે નહીં, તેના આધારે ફરીયાદનો અંતિમ નિર્ણય લેવાનો રહેતો હોય છે. આ કામે વટાઉ ખત અધિનિયમ હેઠળના અનુમાનો જોવામાં આવે તો તે નીચે મુજબ છે.

Section 118. Presumptions as to negotiable instruments.

Until the contrary is proved, the following presumptions shall be made:

(a) **of consideration.** that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, endorsed, negotiated or transferred, was accepted, endorsed, negotiated or transferred for consideration;

(b) **as to date.** that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(c) **as to time of acceptance.** that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

(d) **as to time of transfer.** that every transfer of a negotiable instrument was made before its maturity;

(e) **as to order of endorsement.** that the endorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

(f) **as to stamps.** that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(g) **that holder is a holder in due course.** that the holder of a negotiable instrument is a holder in due course:

Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

Section 139. Presumption in favour of holder.

It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in section 138, for the discharge, in whole or in part, of any debt or other liability.

ફરીયાદી દ્વારા હાલની ફરીયાદ વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબના ગુના અન્વયે દાખલ કરવામાં આવેલ છે. ત્યારે આરોપી સામેના આક્ષેપિત ગુના સાબિત કરવા માટે નીચે મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદી પર રહેલી છે.

૧. આરોપીએ પોતાના દ્વારા નિભાવવામાં આવતા ખાતામાંથી નાણાં ચુકવવા ફરીયાદીને ચેક આપેલ.

૨. આરોપીએ ફરીયાદીને આવા ચેક સમગ્ર અથવા અંશત: કાયદેસરના દેવા અથવા જવાબદારી અદા કરવા માટે આપેલ હતા.

૩. ચેક જે તારીખે લખેલ હતા તે તારીખથી ચેકની નિયત સમયમર્યાદામાં રજુ કરવામાં આવેલ હતો.

૪. ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળ/એકાઉન્ટ ક્લોઝડના કારણે પરત થયેલો.

૫. ચેક પરત થયાની માહિતિ મળ્યા બાદ ફરીયાદી દ્વારા ૩૦ દિવસની સમયમર્યાદામાં નાણાની માંગણી કરતી લેખિત નોટીસ ચેક લખનાર (આરોપી)ને મોકલવામાં આવેલ હતી.

૬. આરોપીને આવી લેખિત નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેક મુજબના નાણા પંદર દિવસની સમયમર્યાદામાં ચુકવી આપેલા નથી.

વધુમાં વટાઉ ખત અધિનિયમની કલમ–૧૧૮(એ) તથા કલમ–૧૩૯ મુજબ જ્યાં સુધી વિરૂદ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી કાયદેસરના દેવા પેટે ચેક આપેલાનું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે. વિરૂદ્ધનું પુરવાર ન થાય તે શબ્દોના અર્થઘટન અનુસાર અનુમાનનું ખંડન સચોટ પુરાવાથી કરવાનું રહે છે અને આ અનુમાન ખંડન કરવાના બોજા આરોપીના શિરે છે.

(૯) નામ. સુપ્રિમ કોર્ટે **Bir Singh Vs. Mukesh Kumar, reported in 2019 (1) G.L.H. 338** ના ચુકાદામાં ઠરાવેલ છે કે...

"Section 139 introduces an exception to the general rule as to the burden of proof and shifts the onus on the accused. The presumption under Section 139 of the Negotiable Instrument Act is a presumption of law, as distinguished from presumption of facts. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, which requires the prosecution to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law and presumptions of fact unless the accused adduces evidence showing the reasonable possibility of the non-existence of the presumed fact as held in Hiten P. Dalal [Hiten P. Dalal v. Bratindranath Banerjee, (2001) 6 SCC 16 : 2001 SCC (Cri) 960]

આમ, નામ. સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, નેગોશીએબલ ઇન્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯ ફરીયાદીની તરફેણમાં જે અનુમાન ઉપસ્થિત કરે છે તે સામાન્ય નિયમનો અપવાદ છે જેની મદદથી ફરીયાદીએ તેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો રહે છે જ્યારે તે અનુમાનનું ખંડન કરવાનો બોજો અને જવાબદારી આરોપી ઉપર રહેલ છે.

વધુમાં નામ. સુપ્રિમ કોર્ટે **Rangappa Vs. Sri Mohan (2010) 11 SCC 441** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, "... it was observed that Section 139 of N.I.Act is stated to be an example of a reverse onus clause which is in tune with the legislator intend of improving the credibility of negotiable instruments. Section 138 of N. I. Act provides for speedy remedy in a criminal forum, in relation to dishonor of cheques."

તેમજ **Kumar Exports Vs. Sharma Carpets, (2009) 2 SCC 513**ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

"The accused under Section 138 NI Act has two options. He can either show that the consideration and debt did not exit or that under the particular circumstances of the case, the non existence of consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed. To rebut the statutory presumption, an accused is not expected to prove his defence beyond reasonable doubt as it is expected of the complainant in a criminal trial. The accused may

adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the court need not insist in every case that the accused should disprove the non existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would not serve the purpose of the accused. Something which his probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the court may either believe that the consideration and debt did not exist or there non existence was so probably that a prudent man under the circumstances of the case, act upon the plea that they did not exist. Apart from adducing direct evidence to prove that the note in question, was not supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon the circumstantial evidence and if the circumstances so relied upon are so compelling, the burden may likewise shift again on the complainant. The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Section 114 of the Evidence Act to rebut the presumptions arises under Section 118 and 139 of NI Act".

આમ, નામ. સુપ્રિમ કોર્ટના ઉપરોક્ત ચુકાદામાં પ્રતિપાદિત સિદ્ધાંત ધ્યાને લેતા ઈસ્યુ કરવામાં આવેલ ચેક વટાઉ ખત અધિનિયમની કલમ–૧૩૮ હેઠળ કાયદેસરના દેવા કે જવાબદારી પેટે ઈસ્યુ કરેલાનું અનુમાન કરવાનું રહે છે અને તે અનુમાનનું ખંડન કરવાનો બોજો આરોપીના શિરે રહે છે. આરોપી જ્યારે ચેક તેના ખાતાનો હોવાનો અને ચેકમાં તેમની સહી હોવાનું સ્વીકાર કરે એટલે કે વટાઉ ખત અધિનિયમની કલમ–૧૩૯ હેઠળનું અનુમાન ફરીયાદીની તરફેણમાં ઉત્પન્ન થાય છે કે ચેક કાયદેસરના લેણા પેટે આપેલ છે અને આરોપીએ કલમ–૧૩૯ના અનુમાનનું ખંડન ડાહ્યો માણસ ગ્રાહ્ય રાખી શકે તેવા પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી કક્ષાનો પુરાવો રજુ કરી તેવા અનુમાનનુ ખંડન કરવાનુ રહે છે તે માટે આરોપીએ વીટનેસ બોક્ષમાં આવવાની જરૂર નથી તે ફરીયાદી તરફે રજુ પુરાવા પર આધાર રાખીને પણ અનુમાનનુ ખંડન કરી શકે છે. એક વખત આરોપી ખડંનાત્મક પુરાવો રજુ કરે એટલે બોજો ફરીયાદી ઉપર શીફ્ટ થાય છે અને ફરીયાદીએ રીવર્સ પુરાવો રજુ કરી

આરોપીએ રજુ કરેલા પુરાવાનું ખંડન કરવાનુ રહે છે જેથી હવે સદરહુ કામમાં રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરીને એ કરવાનું રહે છે કે શું આરોપી તરફે તેઓના બચાવ સંદર્ભે વટાઉ ખત અધિનિયમની કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ના અનુમાનોનું ખંડન થઇ શકે તેટલો પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી કક્ષાનો ગ્રાહ્ય રાખી શકાય તેવો પુરાવો રેકર્ડ પર લાવી અનુમાનોનું ખંડન કરી શકેલ છે કે કેમ? કાયદેસરનું લેણુ છે કે કેમ?

(૧૦)કાયદાની ઉપરોક્ત પરિસ્થિતી ધ્યાને રાખી પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, બચાવપક્ષે ઉપસ્થિત કરેલી તકરાર ધ્યાને લેતા, પ્રથમ એ જોવાનું રહે છે કે તકરારી ચેક સમગ્ર રીતે કે અંશતઃ કોઇ દેવા કે જવાબદારી અદા કરવા માટે આપેલ હતો કે કેમ ? સદર હકીકત પુરવાર કરવા માટે ફરીયાદીએ સદર વટાઉ ખત અધિનિયમની કલમ–૧૪૫(૧) અન્વયે ફરીયાદની હકીકતોને સમર્થનકારક પુરાવાનું **આંક–૦૪ થી** ફરીયાદી **શતુજી જીવણજી રાઠોડનું** સરતપાસનું સોગંદનામું રજૂ કરેલ છે. જેમાં ફરિયાદમાં જણાવેલ હકીકતોનું પુનરાવર્તન કરી આંક–૧૪ થી આરોપીએ ફરિયાદીને ચૂકવવાની થતી રકમ પેટેનો ચેક નં.૦૦૦૦૧૧ અસલ તા.૧૧.૦૪.૨૦૧૮ ના રોજનો અસલ, આંક–૧૫થી ફરિયાદીએ આરોપીએ આપેલ સદર ચેક પોતાની બેન્ક, બેન્ક ઓફ બરોડામાં ભરતા જે સદર ચેક ડ્રોવર સિગ્નેચર ડીફરના શેરા સાથે રીટર્ન થયેલ જે તા.૧૩.૦૪.૨૦૧૮ ના રોજનો રીટર્ન મેમો અરસલ, આંક–૧૬ થી ફરિયાદીને સદર ચેક પરત આવતા જેની જાણ કરતી લીગલ નોટિસ ફરિયાદીએ તેમના એડવોકેટ મારફત આરોપીને આર.પી.એ.ડી.થી તા.૨૦.૦૪.૨૦૧૮ ના રોજ આપેલી, આંક–૧૭ થી ફરિયાદીને સદર ચેક પરત આવતા જેની જાણ કરતી લીગલ નોટિસ ફરિયાદીએ તેમના એડવોકેટ મારફત આરોપીને આર.પી.એ.ડી.થી તા.૨૦.૦૪.૨૦૧૮ ની સ્લીપ અસલ, આંક–૧૮ થી તા.૨૧.૦૪.૨૦૧૮ ના રોજની એકલોજમેન્ટની સ્લીપ, આંક–૧૯ થી નોટિસ રજી.પોસ્ટ એ.ડી. ની નોટિસનો વળતો જવાબ, આંક–૨૮ થી સ્ટેટબેન્ક ઓફ ઈન્ડિયા ગાંધીનગર શાખાનું સને ૨૦૦૭ થી સને ૨૦૧૭ સુધીનું બેન્ક સ્ટેટમેન્ટની કોપી, આંક–૪૧ થી આરોપીનું ખાતું ખોલાવતી વખતે ભરેલ ફોર્મ તથા તે લગત રજૂ કરેલ કાગળો, આંક–૪૨ થી આરોપીઓના અસલ સહીના નમૂનાના કાર્ડની અસલ ઉપરથી કરેલ ખરી નકલ રજૂ કરેલ છે. જે તમામ ધ્યાને લેતા, વટાઉ

ખત અધિનિયમની સમયમર્યાદા અંગેની વૈધાનિક જોગવાઈઓનું પાલન થાય છે અને નિયમ સમયમાં ફરિયાદ દાખલ થયેલ છે અને તે સંબંધે બચાવપક્ષે કોઈ તકરાર લેવામાં આવેલ નથી.

(૧૦.૧).. જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, હાલ તેઓ નિવૃત્ત છે. તેઓ તા.૩૦.૦૬.૨૦૦૭ ની સાલમાં નિવૃત્ત થયેલા. ફરિયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ તથા તેમના પુત્ર સાથે રહે છે. ફરિયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓનું પેન્શન તેમના ખાતામાં જમા થાય છે. તેઓનો પગાર જે તે સમયે રૂા.૨૫,૦૦૦/– હતા અને હાલ પેન્શન રૂા.૨૮,૦૦૦/– છે. તેઓનો માસિક ખર્ચ આશરે રૂા.૧૦,૦૦૦/– થાય છે. ફરિયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, જયારે જરૂર પડયે ત્યારે રકમ બેન્કમાંથી ઉપાડે છે. ફરિયાદીએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ વ્યાજનો ધંધો કરવા માટે લાયસન્સ ધરાવે છે. આ કેસ સિવાય તેઓનો કોઈ કેસ કોર્ટમાં નથી. સોહદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેઓના પુત્રનો એક કેસ ચાલે છે. ફરિયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, નોકરીની રીટાયર્ડની રકમમાંથી એક મકાન તેઓએ રાખેલ છે. ફરિયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પાન પાર્લર એક ગલ્લો છે. ફરિયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેમની નોટિસમાં, સરતપાસના સોગંદનામામાં કે ફરિયાદમાં કેટલી વખત લેવડ દેવડ થયેલી તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરેલ નથી. ફરિયાદીએ એ હકીકત જણાવેલ છે કે, તેઓને માર્ક ૨૬/૧ વાળુ સ્ટેટ મેન્ટ બતાવવામાં આવે છે તે જોઈને કહે છે કે તેઓએ પાંચ લાખથી વધુ રકમ ઉપાડેલ હોય તેવી કોઈ એન્ટ્રી આ સ્ટેટમેન્ટમાં પડેલ ન હોવાની વાત ખોટી છે. આ તબકકે આરોપીના વશ્રી સદર સ્ટેટમેન્ટને ઉલટ તપાસ માટે રીફર કરેલ હોઈ માર્ક ૨૬/૧ વાળા સ્ટેટમેન્ટને આંક–૨૮ આપવામાં આવે છે. બચાવપક્ષ ધ્વારા ફરિયાદીને સવાલ સ્વરૂપે પૂછવામાં આવેલ કે,'' આરોપીને પાંચ–દસ લાખથી વધુ રકમ ચેકથી આપેલ હોય તેની પણ કોઈ એન્ટ્રી આંક–૨૮ વાળા સ્ટેટમેન્ટમાં નથી.''? જેના જવાબમાં ફરિયાદીએ જણાવેલ કે,'' એ વાત ખરી છે.'' ફરિયાદીએ એ હકીકત જણાવેલ છે કે, તેઓને માર્ક ૨૭/૧ વાળુ ડકલેરેશન બતાવવામાં આવે છે જે જોઈને કહે તેમાં જે ફોટો તેઓના પુત્રનો નથી. તે ફોટો વાળી વ્યકિતને તેઓ ઓળખતા નથી. ફરિયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આંક–૧૫ વાળુ રીટર્ન મેમો સીગ્નેચર ડીફરના શેરા સાથે પરત આવેલ.

વધુમાં ફરીયાદીએ એ હકીકતોનો ઈન્કાર કરેલ છે કે, માર્ક–૨૭/૧ વાળુ ડેકલેરેશન કે જે આરોપીએ તેઓના પુત્ર પાસેથી પૈસા લીધેલા તે બાબતનું સમાધાન થતા આરોપીએ

તેઓના પુત્રને પ્લોટ આપેલા તે બાબતનું ડેકલેરેશનનું લખાણ કરવામાં આવેલું તે છે તેમજ તેઓ તથા તેઓના પુત્ર આરોપી નં.ર પાસેથી ખોટી રીતે રકમની ઉઘરાણી કરતા આરોપી નં.ર નાઓએ દવા પીધેલી તેમજ તેઓ તથા તેમના પુત્ર કોઈને પૈસા આપતા કે કોઈ વ્યક્તિ તેઓને વ્યાજ પેટે કોઈ રકમ આપતા તો તે બાબતનું લખાણ તેઓના ચોપડામાં કરતા હતા. વધુમાં એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે, તેઓએ તથા તેમના પુત્રએ રૂ.૭૫ લાખ માટેની ચેક રીટર્નની ફરીયાદ કરેલી છે. વધુમાં સાહેદે એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે આંક-૧૪ વાળા ચેકમાં નામ, રકમ તથા તારીખ તેઓએ જાતે કરેલી છે. એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે, જેતે સમયે તેઓના પુત્રની આરોપીની સાથે જે લેવડ દેવડ થયેલી તે પેટે આરોપીએ કોરા ચેક તેઓના પુત્રને આપેલા અને તેઓના પુત્રની પાસે પડી રહેલ આરોપીના ચેકો તેઓએ મેળવી તેમાં ખોટી સહી કરી ખોટી રીતે રકમ ભરી તેનો દુરપયોગ કરી હાલની ખોટી ફરીયાદ કરેલ છે.

(૧૦.ર).. સદર કામે ફરીયાદી તરફે **સાહેદ દિવ્યા નવનીતભાઈ પરમારને આંક-૩ર થી** તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ બેન્ક ઓફ બરોડા પેથાપુર શાખામાં એડમીનીસ્ટ્રેટીવ તરીકે ફરજ બજાવે છે. તેઓની ફરજમાં ચેક પાસ કરવાનું, એફ.ડી. બનાવવાનું ખાતા ખોલવાનું વિગેરેની કામગીરી આવે છે. તેઓને લાલસિંહ સજજનસિંહ વાઘેલા તથા નાગેન્દ્રસિંહ સજજનસિંહ વાઘેલાના જોઈન્ટ ખાતાની વિગત બાબતે સમન્સ બજતા તેઓ આજરોજ કોર્ટમાં ખાતા નં.૦૧૬૯૦૧૦૦૦૦૫૩૧૫ નું સ્ટેટમેન્ટ લઈને આવેલ છે. જે કોમ્પ્યુરાઈઝડ કોપી લઈને આવેલી છે જે તેઓના સિસ્ટમમાંથી કાઢેલ છે. તેના પર તેઅના બ્રાન્ચના મેનેજર શ્રી ઘનશ્યામ બારોટની સહી છે. તથા તેઓના બેન્કનો સિકકો છે. જે આ કામે રજૂ દાખલ આંક-૩૩ આપવામાં આવેલ છે. વધુમાં તેઓ તેમની સાથે લાલસિંહ સજજનસિંહ વાઘેલા કે જેનો ખાતા નં.૦૧૬૯૦૧૦૦૦૦૫૩૧૫ છે. તેની સહીનો કોમ્પ્યુટરાઈઝડ ફોટો લઈને આવેલ છે. જેમાં તેઓની સહી છે જે આ કામે રજૂ દાખલ આંક-૩૪ આપવામાં આવેલ છે. તેઓને કોર્ટ ફાઈલમાં આંક-૧૪ ચેક બતાવવામાં આવે છે તે જોઈને કહે છે તે ખાતા નં.૦૧૬૯૦૧૦૦૦૦૫૩૧૫ નામ લાલસિંહ સજજનસિંહ વાઘેલા તથા નાગેન્દ્રસિંહ સજજનસિંહ વાઘેલા નું જોઈન્ટ ખાતાનું બેન્ક ઓફ બરોડા પેથાપુર

શાખાનો ચેક છે. તેઓને આંક–૧૪ વાળો ચેક તથા ટેન્ટેટીવ આંક–૩૪ વાળુ સહીના નમૂનાનું ફોર્મ બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે તે બન્નેમાં થયેલ સહીઓ પ્રાથમિક દ્રષ્ટિએ અલગ જણાઈ આવે છે. તા.૧૧.૦૪.૨૦૧૮ ના રોજ ખાતા નં.૦૧૬૯૦૧૦૦૦૦૫૩૧૫ રૂપિયા ૧૨૬.૧૫/– બેલેન્સ હતું. તેઓને ચેક કલીયર કરવા માટે ખાતામાં રહેલ બેલેન્સ રકમ, તારીખ તથા સહીનો નમૂનો જોવાનો હોય છે. તારીખ ૧૩.૦૪.૨૦૧૮ ના રોજ ચેક કલીયરન્સ માટે તેઓના ત્યાં આવેલું છે. આંક–૧૫ વાળુ રીટર્ન મેમો બેન્ક ઓફ બરોડાનો છે અને તેમાં જે તે અધિકારીની સહી છે અને તે ડ્રોવર સિગ્નેચર ડીફરના કારણે પરત ફરેલ છે. **ફરિયાદપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,** આંક–૧૫ થી રજૂ થયેલ રીટર્ન મેમો સિગ્નેચર ડીફરના કારણે પરત ફરેલ છે. ફરિયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સહી જોઈને તેઓ કહી ના શકે કે આ સહી કોણે કરેલ છે.

(૧૦.૩).. સદર સાહેદને ફરિયાદપક્ષ તરફે ફરી **આંક–૪૦** થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ બેન્ક ઓફ બરોડા પેથાપુર શાખામાં છેલ્લા દોઢ વર્ષથી પાસીંગ ઓફિસર તરીકે ફરજ બજાવે છે. તેઓની બેન્કમાં ખાતુ ખોલાવતી વખતે બેન્કના પ્રિસ્ક્રિપ્શન મુજબનું ફોર્મ ભરવામાં આવતું હોઈ તો આ કામના આરોપી લાલસિંહ સજ્જનસિંહ અને નાગેન્દ્રસિંહ વાઘેલાનાઓએ તા.૦૧.૧૧.૨૦૧૦ ના રોજ ખાતુ ખોલાવવા સારુ અરજ ગુજારેલી. તે અરજી લગત જરુરી આધાર પુરાવાઓ બેન્ક ધ્વારા સ્વીકારેલા અને અરજી ફોર્મમાં જે અરજદારો હોય તેમણે સહી પણ કરવાની હોય તેઓ તેઓની સાથે અસલ ફોર્મ આધાર પુરાવા સાથેનું અરજી પત્રક જે અસલ ઉપરથી ખરી નકલમાં તેઓની સહી ઓળખી બતાવી આંક–૪૧ થી રજુ કરેલ છે. ખાતું ખોલાવતી વખતે ખાતા ખોલાવનારના ફોટા, ચૂટણી કાર્ડ, આધાર કાર્ડની ઝેરોક્ષ અસલ કાગળ સાથે મેચ કરીને તેની ઝેરોક્ષ લેવામાં આવે છે. સહીના નમૂના તેઓના સમક્ષ લેવામાં આવે છે. જે સહીના નમ્નૂનાનું અસલ કાર્ડ તેઓની સાથે લઈને આવેલ છે અને તેના પરથી ખરી નકલ આંક–૪૨ થી રજુ કરેલ છે. તેઓની બેન્કમાંથી ખાતાધારકને ચેકબુક પણ આપવામાં આવે છે. તેઓને આંક–૧૪ વાળો ચેક બતાવતા તે તેઓની બેન્કનો ચેક હોવાનું જણાવેલ છે. **બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકત જણાવેલ છે કે,** તેઓની

કામગીરીમાં ખાતા ખોલવાનું, ચેક પાસ કરવાનું, ડી.ડી.બનાવવાની કામગીરી છે. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીના ખાતા ખોલાવવાની કામગીરી કે તે અંગેનો દસ્તાવેજી પુરાવો લેવાની કામગીરી તેઓની રૂબરૂમાં થયેલ નથી.

(૧૧) <u>આરોપીપક્ષે આરોપીની જુબાની</u>

(૧૧.૧).. આરોપીપક્ષ તરફે **આરોપી નં.૧ લાલસિંહ સજ્જનસિંહ વાઘેલાને આંક–૪૭** થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ પ્રાઈવેટ નોકરી કરી તેઓના તથા તેમના પરિવારનું ગુજરાન ચલાવે છે. આરોપી નં.૧ કોઈ નાગરાજ પાન પાર્લર નામે ધંધો કરતા નથી. ફરિયાદી પાન પાર્લર ઉપર બેસવા આવતા હોય અને આરોપી નં.૧ સાથે મિત્રતા થયેલી તેવું બનેલ નથી. આરોપી નં.૧ નોકરીથી થાકીને આવતા હોય તેથી કયાંય બેસવા જતા નથી કે આવી રીતે ફરિયાદી સાથે મિત્રતાના સંબંધો કેળવાયેલા નથી. ફરિયાદીને ઓળખતા ના હોય જેથી આરોપી નં.૧ એ ફરિયાદી સાથે કોઈ નાણાંની લેવડ દેવડ કરેલ નથી. આરોપી નં.૧ પાસેથી કયારેય ધંધાકીય કામ અર્થે રૂા.૨૫,૦૦,૦૦૦/– પુરાની માંગણી કરેલ હોય, તેવું બનેલ નથી કે ફરિયાદીએ આરોપી નં.૧ ને રૂા.૨૫,૦૦,૦૦૦/– પુરા આપેલ હોય તેવું બનેલ નથી. પરંતુ સાચી હકીકત એવી છે કે, ફરિયાદીના પુત્ર દિલિપસિંહ સતુજીનાઓ સાથે તેઓને પૈસાની લેવડ દેવડ થયેલી તે બાબતે દિલિપસિંહ પાસેથી જે રકમ લેતા તેના પર ૧૦ ટકા વ્યાજ લેતા જે વ્યાજ સમયાંતરે ચૂકવી દેતા અને આરોપી નં.૧ એ ફરિયાદીના પુત્ર પાસેથી પૈસા લેતા તે બાબતે સિકયુરીટી પેટે કોરા ચેકો આપેલા. આરોપી નં.૧ ને પૈસાની સગવડ ન થતા ફરિયાદીના પુત્રને આરોપી નં.૧ એ તેમના નામે પ્લોટ લખી આપી સમાધાન કરેલું અને જેનું લખાણ રૂા.૧૦૦ ના સ્ટેમ્પ ઉપર નોટરી રૂબરૂ તા.૦૬.૦૩.૨૦૧૮ ના રોજ કરાવી લીધેલ છે અને એમા જણાવેલ છે કે, ''હવે અમારે કોઈ પણ પ્રકારની રકમ લેવાની બાકી રહેતી નથી અને આ લખાણ અમારા વંશ, વાલી, વારસોને કબૂ મંજૂર અને બંધનકર્તા રહેશે તેવુ જણાવેલ છે.'' જેથી આરોપી નં.૧ એ જણાવેલ કે, ''અમારા કોરા ચેક અમોને પરત આપીદો'' પરંતુ ફરિયાદીના પુત્ર જણાવતા હતા કે, ''હાલ ચેકો કયાંક મુકવામાં આવેલ હોય મળતા નથી એટલે મળશે ત્યારે તરત જ આપી દઈશ'' જેથી આરોપી નં.૧ નાએ ફરિયાદીના પુત્ર ઉપર વિશ્વાસ રાખેલો. થોડા સમય બાદ ફરિયાદી તેમના પુત્રની મેળાપીપણાથી ફરિયાદી નં.૧ નાએ સિકયુરીટી પેટે આપેલ

આરોપીઓના ચેકમાં રકમ ભરી અને ખોટી સહી કરી ફરિયાદીના નામે ચેક જમા કરાવી અને રીટર્ન કરાવી, આરોપીઓ પાસેથી ખોટી રકમ પડાવવાના આશયથી ખોટી ફરિયાદ કરેલ છે અને ફરિયાદીએ આવા ઘણા કેસો બીજી વ્યકિતઓ પર પણ કરેલ છે. આથી ફરિયાદીની ફરિયાદ ખોટી અને ઉપજાવી કાઢેલ છે. તેમ આરોપી નં.૧ નાએ તેમની જુબાનીમાં જણાવેલ છે.

ફરિયાદપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં આરોપી નં.૧ નાએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ તથા ફરિયાદી ઘણા સમયથી પેથાપુર મુકામે રહે છે. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદીના પુત્ર દીલીપસિંહ સાથે તેઓને નાણાંકીય વ્યવહાર થયેલો. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદીના પુત્ર સાથેની તેઓની લેવડ દેવડ પતી ગયેલી છે. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદી સાથે તેઓને કોઈ ડેકલેરેશન કે કોઇ કરાર થયેલ નથી. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આંક–૧ વાળી ફરિયાદ ચેક બાઉન્સ થતા અંગેની તેઓની વિરૂધ્ધની છે. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બેન્ક ઓફ બરોડા પેથાપુર શાખામાં તેઓ ખાતું ધરાવે છે અને આંક–૧૪ વાળો ચેક તેઓને બેન્ક ઓફ બરોડાથી ફાળવવામાં આવેલ છે. તેઓએ બેન્કના ફોર્મ સાથે આધારકાર્ડ અને પાનકાર્ડ રજૂ કરેલા. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ચેક બાઉન્સ થતા ફરિયાદીએ તેઓને તે અંગેની નોટિસ મોકલેલી અને તે નોટિસનો જવાબ તેઓએ તેમના વકીલ મારફત ઓપલો. ફરિયાદપક્ષ તરફે સાહેદને સવાલ સ્વરૂપે પૂછવામાં આવેલ કે, ''તમોએ ફરિયાદીના પુત્રને સીકયુરીટી પેટે કેટલા ચેકો આપેલા? જેના જવાબમાં આરોપીએ જણાવેલ છે કે, ''એક ચેક આપેલો.'' ફરિયાદપક્ષ ધ્વારા સાહેદને સવાલ સ્વરૂપે પૂછવામાં આવેલ કે, ''વિવાદીત ચેકમાં ખોટી સહીઓ છે તે અંગે કોઇ નિષ્ણાંત પાસે તમોએ કોઈ તપાસ કરાવેલી.?'' જેના જવાબમાં સાહેદે ''ના'' જણાવેલ છે. સાહેદે એ હકીકત જણાવેલ છે કે, આંક–૧૪ વાળા ચેક બાબતે પોલીસ સ્ટેશનમાં કોઇ ફરિયાદ કરેલ હોય તેવું બનેલ નથી.

(૧૨) આ કામે ફરીયાદી તરફે આંક–૫૧થી તથા આરોપીઓ તરફે આંક–૫૬થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે. આ કામે આંક–૧૪થી રજુ તકરારી ચેક ડ્રોવર્સ સીગ્નેચર ડીફરના શેરા સાથે પરત ફરેલ છે. ડ્રોવર્સ સીગ્નેચર ડીફરના શેરા સાથે ચેક પરત ફરે તેવા સંજોગોમાં પણ વટાઉ ખત અધિનિયમની કલમ–૧૩૮ ની કલમ અંતર્ગત ગુનો બને છે.

(૧૩) ફરીયાદી તરફે લેખિત દલીલ રજુ કરી મુખ્યત્વે દલીલ કરવામાં આવેલ છે કે, આ કામે આંક-૧૪ વાળો ચેક "ડ્રોવર્સ સીગ્નેચર ડીફર"ના શેરા સાથે પરત ફરેલ છે અને નામ. સુપ્રિમ કોર્ટના H. N. SUDESH KUMAR V. BEARDSELL LIMITED, REPORTED IN 2016 LAWSUITS (KAR) 476 ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ "ડ્રોવર્સ સીગ્નેચર ડીફર"ના શેરા સાથે ચેક પરત ફરેલ હોય તે સંજોગોમાં પણ વટાઉ ખત અધિનિયમની કલમ-૧૩૮ આકર્ષિત થાય છે.

હવે, અત્રે સૌપ્રથમ એ બાબતનું નિરીક્ષણ કરવું જરૂરી બને છે કે તકરારી ચેક આરોપી દ્વારા જારી કરાયેલ અને સહી કરાયેલ હોવાનું ફરીયાદી વિશ્વસનીય રીતે પુરવાર કરી શકેલ છે કે કેમ. ફરીયાદીએ તેઓની ફરીયાદ તથા સરતપાસના સોગંદનામામાં, સમય વીતી જતા ફરીયાદીએ આ કામના આરોપી નં.૧ પાસે માંગેલ. આ કામના આરોપી નં.૧નાઓએ તેમની તથા તેમના ભાઇ એટલે કે પ્રતિશ્રી નં.૨ ના સંયુક્ત ખાતાનો બેંક ઓફ ઇન્ડીયા, પેથાપુર શાખાનો રૂ.૨૫,૦૦,૦૦૦/-નો ચેક નં.૦૦૦૦૧૧, તા.૧૧/૦૪/૨૦૧૮ના રોજનો ચેક આપેલો, તેવી હકીકત જણાવેલ છે. પરંતુ સદર ચેક આ કામના આરોપી નં.૧ અગર તો નં.૨ નાઓએ સહી કરીને આપેલ તેવી કોઇ હકીકત જણાવેલ નથી. વિપરીત રીતે, બેન્ક રીટર્ન મેમો તથા બેન્ક સાહેદની જુબાની પરથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે ચેક "ડ્રોઅર સીગ્નેચર ડીફર" ના કારણસર પરત ફરેલ છે અને સહી તથા નમૂના સહી વચ્ચે પ્રાથમિક દ્રષ્ટિએ તફાવત જણાય છે. આવી પરિસ્થિતિમાં, ચેકની જારી થવાની મૂળભૂત હકીકત જ શંકાસ્પદ બની જાય છે. માત્ર ચેક રજૂ થવાથી જ તેની જારી થવાની હકીકત સાબિત થતી નથી, ખાસ કરીને જ્યારે સહી પોતે જ ગંભીર વિવાદ હેઠળ હોય. તેથી, ચેકનું એક્ઝિક્યુશન ફરીયાદી દ્વારા વિશ્વસનીય રીતે સ્થાપિત થયેલ નથી એમ માનવું પડે. આ સંદર્ભે Basalingappa v. Mudibasappa ના ચુકાદામાં સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટપણે ઠરાવેલ છે કે કલમ ૧૩૯ હેઠળનું અનુમાન ત્યારે જ લાગુ પડે જ્યારે ચેકની જારી થવાની પ્રાથમિક હકીકત સ્થાપિત થાય અને આરોપી સંભાવ્ય બચાવ ઉભો કરે તો અનુમાન ખંડિત થઈ શકે છે. આ કામે આરોપીઓ તરફે એવો બચાવ લેવામાં આવેલ છે કે, તેઓ હાલના ફરીયાદીને ઓળખતા નથી પરંતુ ફરીયાદીના પુત્ર પાસેથી પૈસા લેતા તે બાબતે સિક્યુરીટી પેટે કોરા

ચેકો આપેલા અને આરોપી નં.૧ ને પૈસાની સગવડ ન થતા ફરીયાદીના પુત્રને આરોપી નં.૧એ તેમના નામના પ્લોટ લખી આપી સમાધાન કરેલ અને તેનું લખાણ રૂ.૧૦૦/– ના સ્ટેમ્પ ઉપર નોટરી રૂબરૂ તા.૦૬/૦૩/૨૦૧૮ના રોજ કરાવી લીધેલ. આ બાબત ફરીયાદી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ પરોક્ષ રીતે સમર્થિત થાય છે, કારણ કે ફરીયાદી તરફે જ આરોપીને પુછવામાં આવેલ છે કે ફરીયાદીના પુત્રને સીક્યોરીટી પેટે કેટલા ચેકો આપેલ, જેના જવાબમાં એક ચેક આપેલ હોવાનું જણાવેલ છે. ફરીયાદી તરફે તે ચેક આ તકરારી ચેક ન હતો તેવી કોઈ સ્પષ્ટ હકીકત રેકર્ડ પર લાવવામાં આવેલ નથી. અત્રે નોંધનીય છે કે, સદર પરિસ્થિતિમાં તકરારી ચેક સિક્યોરીટી પેટે આપવામાં આવેલ અન્ય ચેકથી અલગ છે તે સાબિત કરવાની જવાબદારી ફરીયાદી ઉપર હતી, જે ફરીયાદી પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયેલ છે. વધુમાં, ફરીયાદી તરફે કરવામાં આવેલ ઉલટતપાસ જોતા, ફરીયાદી તરફે સૂચક પ્રશ્નો પુછવામાં આવેલ છે કે, ફરીયાદીના પુત્ર દિલીપસિંહ સાથે તેઓને નાણાકીય વ્યવહાર થયેલો અને ફરીયાદીના પુત્ર સાથેની તેઓની લેવડદેવડ પતી ગયેલ છે. જેથી આરોપી અને ફરીયાદીના પુત્ર વચ્ચે નાણાકીય વ્યવહાર થયેલ હોવાનું પણ રેકર્ડ પર આવેલ છે. પરિણામે, તકરારી ચેક ફરીયાદીના પુત્ર મારફતે ફરીયાદી સુધી પહોંચ્યો હોઈ શકે તેવી સંભાવના ઉપસ્થિત થાય છે. આ સંદર્ભે Rangappa v. Sri Mohan ના ચુકાદામાં નામ. સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે આરોપી માત્ર સંભાવ્ય બચાવ ઉભો કરીને અનુમાનને ખંડિત કરી શકે છે અને તે માટે સંપૂર્ણ પુરાવો આપવાની આવશ્યકતા નથી. આમ, ઉપરોક્ત સમગ્ર હકીકતે આ કામના આરોપી નં.૧ ને ફરીયાદીના પુત્ર સાથે નાણાકીય વ્યવહાર થયેલ તે સંબંધે આરોપી નં.૧ દ્વારા ફરીયાદીના પુત્રને સિક્યોરીટી પેટે ચેક આપવામાં આવેલ અને તે ચેક આ કામના ફરીયાદી પાસે પહોંચેલ હોવાની હકીકત ઉપસ્થિત થાય છે અને તેથી આ કામના આરોપી ફરીયાદીની તરફેણમાં ઉપસ્થિત થતુ કલમ–૧૩૯નું અનુમાન પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના ધોરણે ખંડન કરવામાં સફળ થયેલ હોવાનું માનવાને કારણ રહે છે અને તેથી કલમ–૧૩૯ હેઠળનું કાનુની અનુમાનનું અત્રે ખંડન થયેલ છે.

(૧૪) વધુમાં, ફરીયાદી તરફે વિ.વ.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, આરોપીઓ તરફે ફરીયાદીની આર્થિક સદ્ધરતા સંબંધે જે તકરાર ઉપસ્થિત કરવામાં આવેલ છે તે ગ્રાહ્ય રાખવા પાત્ર નથી. સદર દલીલના સમર્થનમાં ફરીયાદી તરફે **TEDHI SINGH V. NARAYAN DASS MAHANT, REPORTED IN 2022 LAWSUIT (SC) 308** ના ચુકાદા પર આધાર રાખી દલીલ કરેલ છે કે, ફરીયાદીએ પોતાની ફાઈનાન્સિયલ કેપેસિટી છે કે નહીં તે બતાવવી જરૂરી નથી. આરોપી દ્વારા

ફરિયાદીની ઉલટ તપાસ દરમિયાન ફાઇનાન્સિયલ કેપેસિટી સંદર્ભે સવાલો પૂછેલા છે. પરંતુ તેમાંથી કોઈ આધારભૂત રીતે જવાબદારીમાંથી ખંડનાત્મક રીતે કોઈ હકીકત બહાર આવેલ નથી. તેમજ નોટિસના જવાબમાં પણ આરોપી દ્વારા ફરિયાદીની ફાઇનાન્સિયલ કેપેસિટી સંદર્ભે કોઈ જ હકીકત જણાવેલ નથી. આ રીતે આરોપી નેગો. કલમ–૧૩૯ નું ખંડન કરી શકેલ નથી. તેમજ આરોપીના બચાવવા માટે આરોપીએ ફરિયાદીના પુત્ર સાથે જે લેવડદેવડ થયેલ તે સંબંધે ચેક આપ્યાની હકીકત બતાવે છે. તે માટે આરોપી દ્વારા ફરિયાદીના પુત્રને સોગંદ ઉપર જુબાની લેવડાવેલ નથી કે બીજા અન્ય કોઈ સાહેદો તપાસેલા નથી. આવા સંજોગોમાં આરોપીનો જે બચાવ રજૂ થયેલ છે. તે તેણે પુરાવા દ્વારા કરેલ નથી. તેવા સંજોગોમાં આરોપી દ્વારા કલમ–૧૩૯ નું ખંડન કરી શકે એવું પ્રાથમિક અનુમાન થઈ શકે તેમ છે.

ફરીયાદી તરફે રજુ દલીલ ધ્યાન લીધી તેમજ આધારિત નામ. સુપ્રિમ કોર્ટનો ચુકાદો માનસહ વંચાણે લીધો. સદર ચુકાદો અત્રેની કોર્ટને શિરોમાન્ય છે. પરંતુ અત્રે નોંધવું જરૂરી બને છે કે, હાલના કેસમાં આરોપી તરફે ફરીયાદીની આર્થિક ક્ષમતા અંગે ચોક્કસ અને સ્પષ્ટ તકરાર ઉપસ્થિત કરવામાં આવેલ છે તથા ફરીયાદીની ઉલટતપાસમાંથી તે સંબંધે મહત્વપૂર્ણ સ્વીકૃતિઓ બહાર આવેલ છે, જેથી હાલના કેસની હકીકતો ઉપરોક્ત ચુકાદાથી અલગ પરિસ્થિતિ છે તેમ આ અદાલત નમ્રપણે માને છે.

ફરીયાદીના આવકના સ્ત્રોત સંબંધે ફરીયાદી દ્વારા દર્શાવાયેલ લેણી રકમ અંગેનું મૂલ્યાંકન કરતાં, ફરીયાદીએ તેઓની ફરીયાદ તથા સરતપાસના સોગંદનામામાં જણાવેલ છે કે, ફરીયાદીએ રૂ.૧૫,૦૦,૦૦૦/– પોતાની પાસે રહેલ રકમમાંથી તથા રૂ.૧૦,૦૦,૦૦૦/– તેમના મિત્ર રવિ સાકરીયા પાસેથી મેળવી કુલ રૂ.૨૫,૦૦,૦૦૦/– આરોપીને આપેલ. પરંતુ આ મહત્વપૂર્ણ હકીકતને સમર્થન આપતો કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. ફરીયાદીએ તેઓના મિત્ર પાસેથી રૂ.૧૦ લાખ લેવામાં આવ્યા હોવાનું જણાવેલ છે તે રવિ સાકરીયાને સાક્ષી તરીકે તપાસવામાં આવેલ નથી. વધુમાં ફરીયાદીની ઉલટતપાસ ધ્યાનમાં લેતાં, ફરીયાદી નિવૃત્ત છે અને તેમનો માસિક પેન્શન આશરે રૂ.૨૮,૦૦૦/– છે, જ્યારે તેઓનો માસિક ખર્ચ રૂ.૧૦,૦૦૦/– જેટલો હોવાનું તેઓએ સ્વીકારેલ છે. ફરીયાદીએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે તેઓ જરૂરી પડે ત્યારે જ બેન્કમાંથી રકમ ઉપાડે છે. મહત્વની બાબત એ છે કે ફરીયાદીને દર્શાવવામાં આવેલ આંક–૨૮ વાળું બેન્ક સ્ટેટમેન્ટ જોતા તેઓએ સ્વીકારેલ છે કે તેમાં પાંચ લાખથી વધુ રકમ

ઉપાડની કોઈ એન્ટ્રી દર્શાવવામાં આવેલ નથી અને વધુમાં તેઓએ એ પણ સ્વીકારેલ છે કે આરોપીને પાંચ થી દસ લાખથી વધુ રકમ ચેક દ્વારા આપેલ હોય તેવી પણ કોઈ એન્ટ્રી સદર સ્ટેટમેન્ટમાં નથી. આ સ્વીકારો ફરીયાદીની આર્થિક ક્ષમતા અંગે ગંભીર શંકા ઊભી કરે છે. વધુમાં, ફરીયાદીએ પોતાની ફરીયાદ, નોટિસ તથા સરતપાસના સોગંદનામામાં આરોપી સાથે કેટલા વખત લેવડદેવડ થયેલ તેની કોઈ સ્પષ્ટ વિગતો દર્શાવેલ નથી, જે વ્યવહારની વાસ્તવિકતા અંગે વધુ અનિશ્ચિતતા ઉભી કરે છે. આથી, ફરીયાદી દ્વારા દર્શાવેલ લેણી રકમ વાસ્તવમાં અસ્તિત્વમાં હતી અને કાયદેસરની લેણી તરીકે વસુલપાત્ર હતી તે હકીકત વિશ્વસનીય રીતે પુરવાર થતી નથી. આ પરિસ્થિતિમાં, આર્થિક ક્ષમતા સાબિત કરવામાં નિષ્ફળતા સીધી રીતે કાયદેસરની લેણી લેણી રકમના અસ્તિત્વ અંગે શંકા ઊભી કરે છે, જે વટાઉખત અધિનિયમની કલમ–૧૩૮ હેઠળના મૂળ તત્વને અસર કરે છે.

કાયદાકીય રીતે જોવામાં આવે તો, એકવાર આરોપી સંભવિત બચાવ ઉપસ્થિત કરે છે ત્યારબાદ ફરીયાદી ઉપર લેણી રકમ વાજબી શંકાથી પર પુરવાર કરવાની જવાબદારી આવે છે. અત્રે, ફરીયાદી દ્વારા તકરારી ચેક આરોપી નં.૧ નાઓએ તેઓને આપેલ તેવી હકીકત તેમજ લેણી રકમની હકીકત અને પોતાની આર્થિક ક્ષમતા શંકાથી પર સ્થાપિત કરવામાં આવેલ નથી. તેથી, ફરીયાદી આ બોજ પુરો કરવામાં નિષ્ફળ ગયેલ છે. પરિણામે, ઉપરોક્ત તમામ ચર્ચા ધ્યાને લેતા, આ અદાલતના મતે ફરીયાદપક્ષ આરોપી વિરુદ્ધ આક્ષેપિત ગુનો વાજબી શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે, જ્યારે આરોપી દ્વારા રજૂ કરાયેલ બચાવ સંભવિત અને સ્વીકાર્ય જણાય છે. તેથી, મુદ્દા નં.૧ નો જવાબ “નકાર”માં અને મુદ્દા નં.૨ નો જવાબ “હકાર”માં ઠરાવી મુદ્દા નં.૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–૦– હુ ક મ –૦–

૧. આ કામના આરોપી **નં.૧. લાલસિંહ સજ્જનસિંહ વાઘેલા, નં.૨. નાગેન્દ્રસિંહ સજ્જનસિંહ વાઘેલા,** ઉ.વ.પુખ્ત, ધંધો–વેપાર, બન્ને રહે.પેથાપુર, તા.જી.ગાંધીનગરનાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૫(૧) અન્વયે વટાઉ ખત અધિનિયમ, ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબના ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપી નં.૨ અંગે કાર્યવાહી એબેટ થયેલ હોવાથી, વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

૩. આરોપી નં૧નાએ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૩૭(ક) અન્વયે રૂ.૧૦,૦૦૦/–ના અપીલ સમયના જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તા.૨૩મી માહે એપ્રિલ સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ – ગાંધીનગર.
તારીખ – ૨૩/૦૪/૨૦૨૬

(દક્ષેશ રાજેશકુમાર જગુવાલા)
ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ગાંધીનગર – જીજે૦૦૯૭૩